# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : કલ્પના શાહ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૦૭–૦૬–૨૦૨૪ સમય : સવારે ૬.૫૦**

---

## ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા – બેઠક :

18મી લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ નવી સરકાર રચવાની કવાયત તેજ બની છે. નવી દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કેન્દ્રિય મંત્રીઓ અને પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી હતી. રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના નેતાઓએ સર્વસંમતિથી નરેન્દ્ર મોદીને તેમના નેતા તરીકે પસંદ કર્યાના એક દિવસ બાદ આ બેઠકો યોજાઈ હતી.

ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને કેબિનેટની રચના અંગે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના ભાગીદારો સાથે ચર્ચા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આજે શ્રી નડ્ડાએ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, પીયૂષ ગોયલ, પ્રહ્લાદ જોષી, મનસુખ માંડવિયા અને અશ્વિની વૈષ્ણવ જેવા કેન્દ્રિય મંત્રીઓ , ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુગ, પક્ષના નેતા વિનોદ તાવડે અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી હતી.

નવી દિલ્હીમાં રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનની યોજાનારી બેઠકમાં ભાજપ , તેલુગુ દેશમ પાર્ટી, જનતા દળ યુનાઈટેડ, લોક જનશક્તિ પાર્ટી, શિંદે જૂથની શિવસેના, જનતાદળ સેક્યુલર અને રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના અન્ય ઘટક પક્ષોના નવા ચૂંટાયેલા સાંસદો બેઠકમાં ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.

**કલ્પના શાહ**

---

## કોંગ્રેસ કારોબારી બેઠક :

કૉંગ્રેસના મહાસચિવ કે .સી .વેણુગોપાલે આજે એક પત્ર જાહેર કરી જણાવ્યું કે, કૉંગ્રેસ કારોબારી સમિતિની બેઠક આગામી આઠમી જૂને શનિવારે સવારે 11 વાગ્યે કૉંગ્રેસ મુખ્યાલયમાં યોજાશે.આ બેઠકની અધ્યક્ષતા કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે કરશે .

**કલ્પના શાહ**

---

## આદર્શ આચાર સંહિતા હટાવાઈ :

લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ કેન્દ્રિય ચૂંટણી પંચે **ગઈકાલથી** આદર્શ આચારસંહિતાને હટાવી લીધી છે. 16 માર્ચે લોકસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી હતી.

કેન્દ્રિય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ડૉ. સુખબીર સિંહ સંધુ સાથે ગઈ સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળ્યા હતા. તેમણે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનની એક નકલ રાષ્ટ્રપતિને સુપરત કરી. આ નકલમાં 18મી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ બાદ લોકસભામાં ચૂંટાયેલા સભ્યોના નામ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોને ચૂંટણી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યાં હતાં. સમગ્ર દેશ વતી રાષ્ટ્રપતિશ્રીએ ચૂંટણી પંચ, તેમના અધિકારીઓ અને સ્ટાફના સભ્યો , ઝૂંબેશ અને મતદાનના સંચાલન અને અધિક્ષકતા સાથે સંકળાયેલા અન્ય જાહેર અધિકારીઓ અને પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની અથાગ અને ખંતપૂર્વક કામ કરવા બદલ પ્રશંસા કરી.

**કલ્પના શાહ**

---

## એબીવીપી ની બેઠક :

**ગુજરાતના સુરતમાં આગામી આજથી 9 જૂન સુધી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કારોબારી બેઠક યોજાશે. આ બેઠકમાં શૈક્ષણિક સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ , દેશભરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ અને વિકસિત ભારતમાં યુવાનોની ભૂમિકા અંગે પ્રસ્તાવ લાવવામાં આવશે અને તે અંગે ચર્ચા કરવામાં આવશે.**

**કલ્પના શાહ**

---

## ફાયર મોકડ્રીલ :

આકસ્મિક સંજોગો ઓફસાઈટ દૂર્ઘટનાના કિસ્સામાં કેવી રીતે સંકલનથી કામગીરી કરી શકાય અને તેમાં રહી જતી ત્રુટિઓ દૂર કરી શકાય તે માટે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ કચ્છમાં પધ્ધર ખાતે આવેલા એક કારખાનામાં પ્રોપેન ટેન્કમાં ગેસ લીકેઝ થતા જ ઈમરજન્સી કોલ આપવામાં આવ્યો હતો. કંપની દ્વારા તમામ ફાયરના સાધનોને એક્ટિવ કરીને આગને કાબૂમાં લેવામાં પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, આગ વિકરાળ હોય કારખાનામાં આવેલી ફાયર સિસ્ટમથી બુઝાવી શકાય તેમ નહોતી. આથી કંપની દ્વારા આ આગને લેવલ 03 ડિઝાસ્ટર જાહેર કરીને જિલ્લા વહીવટીતંત્રની મદદ માગવામાં આવી હતી. જિલ્લાની ફાયર ટીમે ઘટના સ્થળે પહોંચીને આગ ઉપર કાબૂ મેળવતા મોટી દૂર્ઘટના ટળી હતી. વહીવટી તંત્રના વિવિધ વિભાગોએ સંકલન સાથે કામગીરી આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. આમ જિલ્લા વહીવટી તંત્રની ઈમરજન્સી સેવાઓ થકી મોટી જાનહાનિને ટાળી શકાય હતી. જોકે, આ માત્ર ઓફસાઈટ મોકડ્રિલ હતી. જે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના સંયુક્ત સંકલનમાં સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.

**કલ્પના શાહ**

---

## હવામાન :

હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજયના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલા પ્રિ-મોન્સુન એક્ટિવિટી ના ભાગરૂપે ચોમાસું વહેલું આવવાની શક્યતા છે.

હવામાન વિભાગે ખેડૂતો માટે આ વરસનું ચોમાસું વહેલું અને સારું હોવાના એંધાણ આપ્યા છે. મધ્ય અને ઉત્તર ગુજરાતનું આગામી 7 દિવસ સુધી તાપમાન 40 ડિગ્રીથી નીચે રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. આ પછી ત્રીજા દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં વરસાદ થવાની શકયતા છે.

9 થી 11 જૂન સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ , ગાંધીનગરમાં રવિવારથી વરસાદ શરૂ થવાની આગાહી છે.

**કલ્પના શાહ**

---

---